પ્રથમ ટેસ્ટ બીજો દિવસ : ભારતનો સ્કોર 448/5, જુરેલ 125, જાડેજા 104*, કેએલ રાહુલ 100, વેસ્ટઇન્ડિઝ પર 286 રનની સરસાઇ

પ્રથમ ટેસ્ટ પર ભારતની મજબૂત પકડ

રવિન્દ્ર જાડેજા WTCમાં સર્વાધિક રન કરનારા ભારતીયોમાં ટોપ ફાઇવલમાં સામેલ

રવિન્દ્ર જાડેજાના પ્રભાવશાળી ફોર્મનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે છેલ્લા નવ ઇનિંગ્સમાં આ તેમનો સાતમો 50+ સ્કોર છે, જેમાં માન્ચેસ્ટરમાં ઇંગ્લેન્ડ સામેની સદીનો પણ સમાવેશ થાય છે. આ સદીના કારણે, 2025 માં ટેસ્ટ મેચોમાં તેની સરેરાશ 75 પર પહોંચી ગઇ છે, વધુ મહત્વનું એ છે કે, 2019 માં વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ શરૂ થયા પછી, તેમણે 45 મેચોમાં 43 ની સરેરાશથી 2505 રન બનાવ્યા છે, જેમાં પાંચ સદી અને 17 અડધી સદીનો સમાવેશ થાય છે. WTCમાં આ રેકોર્ડ વિરાટ કોહલી કરતા ઘણો સારો છે. નિવૃત્તિ પહેલા, વિરાટ કોહલીએ 46 મેચોમાં 35 ની સરેરાશથી 2617 રન બનાવ્યા હતા, જેમાં પાંચ સદી અને 11 અડધી સદીનો સમાવેશ થાય છે. ઋષભ પંત 28 મેચોમાં 43 ની સરેરાશથી 2731 રન સાથે ચાદીમાં ટોચ પર છે. જ્યારે રોહિત શર્મા 40 મેચમાં 2716 રન સાથે બીજા અને શુભમન ગીલ 38 મેચમાં 2697 રન સાથે ત્રીજા ક્રમે છે.

WTCમાં સર્વાધિક રન કરનારા ભારતીય ખેલાડી

ખેલાડી	મેચ	રન	એવરેજ	સદી	અર્ધસદી
ઋષભ પંત	38	2731	43,34	6	16
રોહિત શર્મા	40	2716	41.15	9	8
શુભમન ગીલ	38	2697	41.49	9	8
વિરાટ કોહલી	46	2617	35.36	5	11
રવિન્દ્ર જાડેજા	45	2505	43.94	5	17

રવિન્દ્ર જાડેજાએ ટેસ્ટમાં સર્વાધિક છગ્ગા મામલે ધોનીને પાછળ છોડ્યો

વેસ્ટઇન્ડિઝ સામેની પ્રથમ ટેસ્ટમાં પોતાની શતકીય ઇનિંગ દરમિયાન ભારતીય ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ એક નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરીને ટેસ્ટમાં સર્વાધિક છગ્ગા ફટકારવા મામલે ભારતીય ખેલાડીઓમાં માજી કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીને પાછળ છોડીને ચોથા ક્રમે પહોંચ્યો હતો. પોતાની ઇનિંગ દરમિયાન, તેણે ચાર છગ્ગા ફટકાર્યા હતા અને તેની સાથે જાડેજાના નામે હવે 86 મેચોમાં 80 છગ્ગા થઇ ગયા છે, જ્યારે એમએસ ધોનીએ 90 મેચોમાં 78 છગ્ગા ફટકાર્યા હતા. સર્વાધિક છગ્ગા ફટકારનાર ભારતીય તરીકેનો રેકોર્ડ રેન્દ્ર સેહવાગના નામે છે, જેણે પોતાની કેરિયરમાં 104 મેચમાં 91 છગ્ગા ફટકાર્યા છે. ઋષભ પંત 47 મેચમાં 90 છગ્ગા સાથે બીજા જ્યારે રોહિત શર્મા 67 મેચમાં 88 છગ્ગા સાથે ત્રીજા ક્રમે છે.

ટેસ્ટમાં સર્વાધિક છગ્ગા મારનાર ભારતીય

ખેલાડી	મેચ	છગ્ગા
વિરેન્દ્ર સેહવાગ	104	91
ઋષભ પંત	47	90
રોહિત શર્મા	67	88
રવિન્દ્ર જાડેજા	86	80
એમએસ ધોની	90	78

જુરેલ, જાડેજા અને રાહુલની સદીઓથી ભારતીય ટીમે પ્રથમ દાવમાં પાંચ વિકેટે 448 રન બનાવ્યા

પ્રથમ દાવમાં માત્ર 162 રનમાં ઓલઆઉટ થયેલા વેસ્ટઇન્ડિઝ પર ભારતની 286 રનની સરસાઇ

અમદાવાદ, તા. 03 (પીટીઆઈ) : બે મેચની સીરિઝની અહીં રમાઇ રહેલી પ્રથમ ટેસ્ટમાં આજે શુક્રવારે બીજા દિવસે વિકેટકીપર ધ્રુવ જુરેલ (125), ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજા (નોટઆઉટ 104) અને ઓપનર લોકેશ રાહુલ (100)ની સદીઓની મદદથી ભારતે વેસ્ટ ઈન્ડિઝના પ્રથમ દાવના 162 રનના સ્કોર સામે પોતાની પ્રથમ ઈનિંગમાં પાંચ વિકેટે 448 રન બનાવીને મેચ પર પોતાની પકડ મજબૂત બનાવીને 286 રનની સરસાઇ મેળવી લીધી હતી અને તેની પાંચ વિકેટ હજુ જમા છે. સ્ટમ્પ સમયે જાડેજા 104 અને વોશિંગ્ટન સુંદર નવ રને ક્રિઝ પર હતા. બોલરોના પગના નિશાનથી સ્પિનરોને જે અસામાન્ય ઉછાળો મળી રહ્યો છે તેને જોતાં વેસ્ટ ઇન્ડીઝ માટે હવે ઈનિંગ્સ હાર ટાળવી મુશ્કેલ બનશે. ચોવીસ વર્ષીય જુરેલે પોતાની પહેલી ટેસ્ટ સદી પૂરી કરી હતી, જ્યારે ઇન ફોર્મમાં જાડેજાએ પોતાની છઠ્ઠી ટેસ્ટ સદી પૂરી કરી હતી.

વેસ્ટઇન્ડિઝ પ્રથમ દાવ 162

ભારત પ્રથમદાવ	રન	બોલ	4	6
જયસ્વાલ કો.હોપ બો.સિલ્સ	36	54	7	0
રાહુલ કો.ગ્રીવ્સ બો.વેરિકન	100	197	12	0
સુદર્શન LB બો.ચેઝ	7	19	0	0
ગીલ કો.ગ્રીવ્સ બો.ચેઝ	50	100	5	0
જુરેલ કો.હોપ બો.પિયરે	125	210	15	3
જાડેજા રમતમાં	104	176	6	5
સુંદર રમતમાં	9	13	0	0
વધારાના	17			
કુલ (128 ઓવરમાં પાંચ વિકેટે) 448				

વિકેટપતન : 1/68, 2/90, 3/188, 4/218, 5/424

બોલિંગ

	O	M	R	W
જેડન સિલ્સ	19	2	53	1
ચોહાન લીન	15	0	38	0
જસ્ટીન ગ્રીવ્સ	12	4	59	0
જોમેલ વેરિકન	29	5	102	1
ખારે પિયરે	29	1	91	1
રોસ્ટન ચેઝ	24	3	90	2

ધ્રુવ જુરેલે પોતાની પ્રથમ ટેસ્ટ સદી ભારતીય સૈન્યને સમર્પિત કરી

જુરેલે સદી ફટકાર્યા પછી બેટને રાયફલની જેમ પકડીને સૈન્યના અંદાજમાં સેલ્યુટ કર્યું

અમદાવાદ, તા. 03 (પીટીઆઈ) : વિકેટકીપર-બેટ્સમેન ધ્રુવ જુરેલે શુક્રવારે વેસ્ટ ઇન્ડિઝ સામેની પોતાની પહેલી ટેસ્ટ સદી ભારતીય સેનાને સમર્પિત કરતા કહ્યું કે તેને હંમેશા યુદ્ધભૂમિમાં તેમના યોગદાનનો આદર રહ્યો છે. વેસ્ટ ઇન્ડિઝ સામેની પ્રથમ ટેસ્ટના બીજા દિવસે જુરેલે શાનદાર 125 રન બનાવ્યા હતા. બેટથી શાનદાર પ્રદર્શન ઉપરાંત, 24 વર્ષીય જુરેલે તેની અડધી સદી અને પછી સદી પૂર્ણ કર્યા પછી ઉજવણી કરવાની રીતથી બધાનું ધ્યાન ખેંચ્યું હતું. તેણે સૈનિકની જેમ બેટને રાયફલની જેમ પકડીને આર્મીની અદામાં સેલ્યુટ કરી હતી.

જુરેલના પિતાએ ભારતીય સૈન્યમાં સેવા આપી હતી અને કારગિલ યુદ્ધમાં ભાગ લીધો હતો. તેણે અડધી સદી અને સદી પૂર્ણ કર્યા બાદ સલામ કરીને તેમના પિતા અને ભારતીય સૈન્યને શ્રદ્ધાંજલિ આપી. જુરેલે કહ્યું હતું કે અર્ધ સદી પછીની ઉજવણી મારા પિતા માટે હતી અને સદી પછીની ઉજવણી આર્મી માટે હતી. યુદ્ધના મેદાનમાં તેઓ જે કરે છે તેના માટે મને હંમેશા આદર રહ્યો છે. તેણે કહ્યું હતું કે આ એક મહાન સન્માન છે. ઘણા લોકો ટીમ સાથે રહે છે. જ્યારે હું રમતો નથી, ત્યારે પણ હું સખત મહેનત કરું છું જેથી તક મળે ત્યારે સારું પ્રદર્શન કરી શકું. તે શિસ્ત અને મારી જાતને પ્રેરિત રાખવાથી આવે છે.

કોલંબોમાં ભારતીય મહિલા ટીમના પ્રેક્ટિસ સેશનમાં સાપ ઘૂસ્યો

એક ગ્રાઉન્ડ્સમેને તેને ગરંડિયા સાપ ગણાવીને કહ્યું કે આ બિન ઝેરી સાપ માત્ર ઉંદરો શોધવા આવે છે

કોલંબો, તા. 03 (પીટીઆઈ) : ભારતીય મહિલા ક્રિકેટ ટીમ શુક્રવારે સાંજે જ્યારે અહીં પ્રેક્ટિસ કરી રહી હતી, ત્યારે આર પ્રેમદાસા સ્ટેડિયમમાં એક સાપ રખડતો જોવા મળ્યો હતો.

અહીં સાપ, કે જેને સિંહાલીમાં ગરંડિયા કહેવામાં આવે છે તે જોવા મળવું અસામાન્ય નથી. લંકા પ્રીમિયર લીગ મેચ દરમિયાન પણ એક સાપ સ્ટેડિયમમાં ઘૂસી ગયો હતો અને આ વર્ષે જુલાઈમાં શ્રીલંકા-બાંગ્લાદેશ વનડે દરમિયાન પણ જોવા મળ્યો હતો.

એક ગ્રાઉન્ડ્સમેને કહ્યું હતું કે આ સાપ ઝેરી નથી અને કરડતા પણ નથી. તે એક ગેરેન્ડિયા છે અને ફક્ત ઉંદરોને શોધી રહ્યો છે. શુક્રવારે, ભારતીય ખેલાડીઓ મિડ-વિકેટથી નેટ્સ તરફ આગળ વધી રહ્યા હતા ત્યારે આ સાપ નાળા અને સ્ટેન્ડ પાસે સરકતો જોવા મળ્યો હતો. જોકે, ગભરાવાને બદલે, ખેલાડીઓ સપોર્ટ સ્ટાફ અને મીડિયા ટીમ સાથે તેને રસપૂર્વક જોઈ રહ્યા હતા.

મહિલા વર્લ્ડકપ : ઇંગ્લેન્ડે દક્ષિણ આફ્રિકાને 10 વિકેટે હરાવ્યું

સ્પિનરોના શાનદાર પ્રદર્શનથી દક્ષિણ આફ્રિકાનો માત્ર 69 રનમાં વિંટો વળ્યો

એમી જોન્સ અને ટેમી બ્યુમોન્ટે સરળતાથી ઇંગ્લેન્ડને વિના વિકેટે જીતાડ્યું

ઇંગ્લેન્ડની ટીમે માત્ર 14.1 ઓવરમાં જ લક્ષ્યાંક કબજે કરી લીધો

ગુવાહાટી, તા. 03 (પીટીઆઈ) : લિન્સી સ્મિથની આગેવાની હેઠળ સ્પિનરોના શાનદાર પ્રદર્શનના આધારે, ઇંગ્લેન્ડે શુક્રવારે અહીં રમાયેલી આઈસીસી મહિલા વનડે વર્લ્ડકપ મેચમાં દક્ષિણ આફ્રિકાને 10 વિકેટથી હરાવીને પોતાના અભિયાનની મજબૂત શરૂઆત કરી હતી. ઇંગ્લેન્ડે પહેલા દક્ષિણ આફ્રિકાનો માત્ર 69 રનમાં વિંટો વાળ્યા પછી માત્ર 14.1 ઓવરમાં વિના વિકેટે લક્ષ્યાંક કબજે કરી લીધો હતો. ઓપનર એમી જોન્સે 40 અને ટેમી બ્યુમોન્ટે 21 રન બનાવ્યા હતા.

ઇંગ્લેન્ડ વતી સ્મિથે સાત રન આપીને ત્રણ વિકેટ લીધી હતી. મહિલા વર્લ્ડ કપના ઇતિહાસમાં આ દક્ષિણ આફ્રિકાનો બીજો સૌથી ઓછો સ્કોર હતો. સ્મિથ ઉપરાંત, ઇંગ્લેન્ડની કેપ્ટન નેટ સ્કિવર બ્રન્ટ, સોફી એક્લેસ્ટોન અને ચાર્લી ડીને બે-બે વિકેટ લીધી હતી. દક્ષિણ આફ્રિકા 20.4 ઓવરમાં ઓલઆઉટ થઈ ગયું હતું અને તેમના વતી ફક્ત વિકેટકીપર સિનાઓ જાફ્ટા જ 22 રન કરીને બે આંકડા સુધી પહોંચી શકી હતી. પિચ બોલરોની તરફેણમાં હતી, અને ટોસ જીતીને ફિલ્ડિંગ પસંદ કરનાર ઇંગ્લેન્ડે બીજી ઓવરમાં સ્મિથને બોલ સોંપ્યો, અને તેનો તરત જ ફાયદો થયો. બીજી ઓવરના બીજા બોલ પર સ્મિથે દક્ષિણ આફ્રિકાની કેપ્ટન લૌરા વોલ્વાર્ડને આઉટ કરી હતી. ત્યારબાદ સ્મિથે ચોથી ઓવરમાં તાઝમિન બ્રિટ્સને આઉટ કર્યો અને છઠ્ઠી ઓવરમાં મેરિઝાન કાપને આઉટ કરી હતી.

મહિલા વર્લ્ડકપ : શ્રીલંકા સામે ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાનો પડકાર

કોલંબો, તા. 03 (પીટીઆઈ) : મહિલા વન ડે વર્લ્ડકપમાં આવતીકાલે શનિવારે રમાનારી મેચમાં શ્રીલંકા મજબૂત ઓસ્ટ્રેલિયા સામે મેદાને ઉતરશે ત્યારે તે પોતાની બેટિંગ અને ફિલ્ડિંગની મુશ્કેલીઓનો ઉકેલ શોધીને ઘરઆંગણેની પરિસ્થિતિનો લાભ લેવાનો પ્રયાસ કરશે. શ્રીલંકાએ ભારત સામેની પોતાની પહેલી મેચમાં સારી બોલિંગ કરી હતી, પરંતુ નબળી ફિલ્ડિંગ અને કેટલીક બેદરકારીભરી વિકેટોએ તેમને તેમની તક ગુમાવી દીધી હતી. નવ બેટ્સમેન બે આંકડા સુધી પહોંચ્યા હોવા છતાં, તેઓ 45.4 ઓવરમાં 211 રનમાં ઓલઆઉટ થઈ ગયા હતા. કેપ્ટન ચમારી અટાપટ્ટુ અને તેની ટીમ હવે ડિફેન્ડિંગ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયા તરફથી મુશ્કેલ પડકારનો સામનો કરશે, જેણે ન્યુઝીલેન્ડ સામેની પોતાની પહેલી મેચમાં શાનદાર જીત નોંધાવી હતી. ઓસ્ટ્રેલિયા પાસે બેથ મૂની, ફોબી લિચફિલ્ડ અને કેપ્ટન એલિસા હીલી જેવા દિગ્ગજ ખેલાડીઓ સાથે મજબૂત અને આક્રમક બેટિંગ લાઇન-અપ છે, જેના કારણે તેઓ કોઈપણ ડર વિના આક્રમક ક્રિકેટ રમી શકે છે. તેમના બોલિંગ યુનિટે ન્યુઝીલેન્ડ સામે શાનદાર પ્રદર્શન કર્યું. ફાસ્ટ બોલર એનાબેલ સધરલેન્ડે એક જ ઓવરમાં ત્રણ વિકેટ લીધી. લેગ-સ્પિનર અલાના કિંગ અને ડાબોડી સ્પિનર સોફી મોલિનેક્સે વચ્ચેની ઓવરોમાં દબાણ જાળવી રાખ્યું. મેગન શટ, એલિસ પેરી, તાહલિયા મેકગ્રા અને ડાર્સી બ્રાઉન જેવા અનુભવી બોલરો પણ સતત ખતરો ઉભો કરે છે.

શોએબ મલિકને ત્રીજી પત્ની સાથે પણ ન ફાવ્યું

સાનિયા મિર્ઝા સાથે જેના કારણે છૂટાછેડા લીધા તે સના સાથે પણ શોએબ છૂટાછેડા લેવાની તૈયારીમાં

કરાચી, તા. 03 : ભારતીય ટેનિસ દિગ્ગજ સાનિયા મિર્ઝા સાથે જેના કારણે છૂટાછેડા લીધા હતા તે પાકિસ્તાની અભિનેત્રી સના જાવેદ સાથે પણ પાકિસ્તાનના માજી કેપ્ટન શોએબ મલિકને ફાવ્યું નથી અને તેની સાથે પણ હવે તે છૂટાછેડા લેવાની તૈયારીમાં છે.

સાનિયા સાથે છૂટાછેડા પછી શોએબે સના સાથે લગ્ન કર્યા હતા અને તે તેની ત્રીજી પત્ની હતી.

પાકિસ્તાની મીડિયા રિપોર્ટ્સ અનુસાર શોએબ અને સના વચ્ચે બધુ બરાબર નથી. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે તેઓ ટૂંક સમયમાં અલગ થવાની જાહેરાત કરી શકે છે.

૬૩૩૮ - 'ક્રૂટિ' સુડોકુ

૮	૬		૧	૪	૩	૭	૨	
		૨		૯	૬	૧	૪	૩
૩	૧	૪		૫				
		૫	૬	૨		૪	૩	
			૯		૪	૬		૭
	૪	૬	૫				૯	૨
૨	૩			૬		૫		
૪			૨		૫	૩	૬	
૬	૫		૩	૧	૯			૪

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૨	૭	૯	૩	૬	૬	૭	૫	૬
૭	૬	૬	૫	૭	૯	૬	૨	
૩	૬	૫	૭	૬	૨	૭	૬	૯
૯	૩	૭	૬	૬	૫	૬	૨	૭
૭	૫	૩	૨	૭	૬	૬	૯	૬
૬	૬	૨	૭	૫	૩	૯	૭	૬
૬	૯	૨	૭	૬	૭	૫	૩	૭
૭	૨	૭	૯	૩	૬	૬	૬	૫
૫	૬	૭	૬	૯	૨	૬	૭	૩

૭૬૬૩-૭૬૬૭ ક્રિઝ્ટિ

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

લગ્નજીવન

મનુષ્ય એકજ એવી પ્રજાતિ છે જે sapiens અર્થાત્ વિચાર શીલ છે અને જાતીય આનંદ માણી શકે છે. એવું કહેવાય છે કે જાતીય સંસર્ગ દરમિયાન મોંમાં લવિંગ રાખ્યું હોય તો આનંદ બેવડા છે

શબ્દગુંફન - ૭૦૭૬

અરવિંદ એસ. મારૂ

આડી ચાવી
૧. એક સરખી સપાટીએ આવી રહેલું (૪)
૪. ગધેડો (૩)
૬. વરરાજા (૪)
૮. છેડો, નિવેડો (૨)
૧૦. પતિ (૨)
૧૧.ઇચ્છા, મરજી (૨)
૧૨. રુચિ થાય એવુ મનોહર (૩)
૧૩. શત્રુતા, દુશ્મની (૪)
૧૫.આભાર, ઉપકાર (૨)
૧૬. દાન આપનાર (૩)
૧૮. જંગલ, ઉજ્જડ પ્રદેશ (૨)
૧૯. એક જાતનું કાપડ (૫)
૨૦. પુત્ર (૩)
૨૨. આદમી (૨)
૨૩. નસ, વલણ (૨)
૨૪. જોડાનું તે, સંજોગ (૩)
૨૬. વનમાં વસવું તે (૪)
૨૮. એક જાતનું કઠોળ (૨)
૨૯. થોડા વાળની સેર (૨)
૩૦. પ્રત્યેક, દરેક (૨)
૩૧. ફત્તેહ, વિજય(૨)

ઊભી ચાવી
૧. એક સરખું (૩)
૨. અવાજ (૨)
૩. હોડી, વહાણ (૨)
૪. વાટ, રસ્તો (૨)
૫. રહેઠાણ (૩)
૬. પુરુષ (૨)
૭. સરસ્વતી (૩)
૯. શ્રીવિષ્ણનું વાહન મનાતું એક પક્ષી (૩)
૧૦. દેવ-દેવીએ આપેલું વચન (૪)
૧૧.અભિપ્રાય(૨)
૧૩.ઉમેદ, તીવ્ર ઇચ્છા (૪)
૧૪. વહેરનારો (૫)
૧૫. ખેતરમાં પાણી પાવું તે (૩)
૧૭. સૈન્ય, છાવણી (૩)
૧૮. અભિપ્રાય (૨)
૨૧. આંખ (૩)
૨૨. દુનિયા (૨)
૨૩. જીભથી માલૂમ પડતો સ્વાદ (૨)
૨૪. સોબત, સાથ (૨)
૨૫. ભૂલ ભરેલું (૩)
૨૬. સોનું (૨)
૨૭. જખમ (૨)
૨૮. હશે, છો ને (૨)



૩૭૦૭ - ૨૬૬૭ ક્રિઝ્ટિ

આજનું પંચાંગ

તા. 04/10/2025, શનિવાર

વિક્રમ સંવત : 2081 **શાકે :** 1947
વીર સંવત : 2551 **માસ :** આસો
તિથિ: સુદ: બારસ: 17:10- શનિ પ્રદોષ
અયન : દક્ષિણાયન **ઋતુ :** શરદ
રાષ્ટ્રિય દિનાંક : આસો:12
યોગ : શૂલ **કરણ:** કૌવલ
નક્ષત્ર : ધનિષ્ઠા- 09:10 પછી શતભિષા
રાશિ: કુંભ (ગ,સ,શ,ષ)
દિવસ : સામાન્ય
સુરતમાં સૂર્યોદય : 06:32 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:23
નવકારસી : 07:20
પારસી વર્ષ : 1395, અસ્ટીબેહેસ્ત માસનો 21મો રોજ
મુસલમાન વર્ષ : 1447, રબીઉલ આખર માસનો 11મો રોજ
દિવસનાં ચોઘડિયાં: કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ,
રાત્રિનાં ચોઘડિયાં: લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ,
રાહુ કાળ : સવારે: 09:30 થી 11:00 સુધી

મેષ (અ,લ,ઇ,): આવક વધારવાની યોજના પાર પડે. મિત્રો સાથે કૌટુંબિક કામ થાય. સંતાનોની પ્રગતિ થાય.
વૃષભ (બ,વ,ઉ,): સરકારી નોકરીમાં સાવધાન રહેવું. ધંધામાં નવા સોદા થાય. સમાજમાં અશાંતિ પેદા થાય.
મિથુન (ક,છ,ઘ,): વિદેશમાં વિદ્યાભ્યાસ માટે મદદ મળે. દાંપત્યજીવનમાં તાલમેળ રહે. ધર્મ-કર્મ થાય.
કર્ક (ડ,હ,): પડવા-વાગવા-પાણી-આગ વગેરેથી દૂર સાવધાન રહેવું. ચોર-લૂંટારુથી નુકસાન થઈ શકે.
સિંહ (મ,ટ,): રોજના કામમાં કંટાળો આવે. ઘરમાં અવર-જવરથી અશાંતિ વધે. સામાજિક પ્રવૃત્તિમાં દોડધામ રહે.
કન્યા (પ,ઠ,ણ,): આંખ-પેટ-માથાના દુખાવાની ફરિયાદ રહે. નોકરીમાં તાલમેળ ઓછો રહેવાથી ગુપ્ત ભય રહે.
તુલા (ર,ત,): પ્રેમ વિવાહમાં વિઘ્નો આવી શકે છે. ઈર્ષાળુઓથી સાવધાન. સંતાન ચિંતા સતાવે.
વૃશ્ચિક (ન,ય,): નવા ઘર, વાહન, મકાન જમીન કે વારસા જેવા કામમાં વડીલો સાથે ઘર્ષણ થાય.
ધન (ભ,ધ,ફ,ઢ,): આત્મવિશ્વાસ વધે તેવાં કામ પાર પડે. અડોશ-પડોશને મદદરૂપ થશો. ભાઈઓના કામમાં વિઘ્નો આવે.
મકર (ખ,જ,): વાણી પર કાબૂ રાખવો. આવક કરતાં ખર્ચા વધશે. ઘરમાં દોડ-ધામથી અશાંતિ રહે.
કુંભ (ગ,સ,શ,ષ,): મન અશાંત રહે. ઘરમાં તાલમેળ ઓછો રહે. નોકરી-ધંધા માટે પ્રવાસમાં અશાંતિ રહે.
મીન (દ,ચ,ઝ,થ,): ગુપ્ત ભય સતાવે. સંતાનોના કામમાં વિઘ્નો આવે. વિદેશથી શુભ સમાચાર મળે. ખર્ચા વધશે.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

કોઈ પણ સાલમાં 04 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધામાં ચડતી-પડતી-નવા ફેરફાર નવી તક નવી જવાબદારી અને કામનો બોજ વધે. સાથે ટેકનોલોજીનો લાભ મળે. નવું શીખવાથી નવી દિશા મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સામાન્ય રહે. સમાજમાં અશાંતિ અને પરિવારની અપેક્ષાઓ દોડ-ધામ વધારશે. સંતાનોના-અભ્યાસ-કેરીયરમાં મિત્રોનો સાથ મળે. નવા ઘર, વાહન, મકાન બાબતે વડીલોની મદદ મળે. આરોગ્ય સામાન્ય રહે. ઉધરાણી સતાવે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. વિદેશ પ્રવાસનાં કામ ઘીમાં પડે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. ઉમરલાયકના વિવાહ થાય. આવક વધારવાની યોજનામાં મદદ મળે. વર્ષ દરમિયાન નવી નોકરી- ધંધામાં સંઘર્ષ અને નવી તકો મળતી રહેશે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાતિ મળે. જૂન-જુલાઈમાં યોજના પ્રમાણે પ્રગતિ થાય. નવેમ્બર-ડિસેમ્બરમા આવક કરતા ખર્ચા વધશે.

અનુસંધાન ... પાના પહેલાનું

ઓપરેશન સિંદુરમાં...

જેટનો નાશ કરવામાં આવ્યો હતો, એમ એપી સિંહે જણાવ્યું હતું. જેટ ઉપરાંત, જમીન પરના લક્ષ્યોને તોડી પાડવામાં આવ્યા હતા જેમાં ચાર સ્થળોએ રડાર, બે સ્થળોએ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર્સ, બે રનવે, ત્રણ હેંગર્સ અને એક સરફેસ-ટુ-એર મિસાઇલ (એસએએમ) સિસ્ટમ સામેલ છે. આ એ બાબત છે જે અમારી સિસ્ટમ અમને જણાવે છે એમ એર ચીફ માર્શલે કહ્યું હતું. આ 10 મેના રોજ બન્યું હોવાની શક્યતા છે, જ્યારે ભારતે પાકિસ્તાનની અંદર 11 સૈન્ય એરબેઝને નિશાન બનાવ્યા હતા, જેના કારણે ઇસ્લામાબાદને યુદ્ધવિરામ માટે ભારતનો સંપર્ક કરવાની ફરજ પડી હતી. ભારતીય હવાઈ દળના વડાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે હવાઈ હુમલાઓ પાકિસ્તાન માટે વ્યૂહાત્મક અને માનસિક ફટકો સાબિત થયા હતા. 'અમે પાકિસ્તાનને એવી સ્થિતિમાં પહોંચાડ્યું જ્યાં તેને યુદ્ધવિરામ માટે કહેવું પડ્યું હતું', એમ સિંહે કહ્યું હતું.

એમસીડીએ ઘટનાને...

દીધી છે અને સ્ટેડિયમ સંકુલમાં બે કૂતરા પકડવાની ટીમોને કાયમી ધોરણે તૈનાત કરી છે. રખડતા કૂતરાઓને તાત્કાલિક દૂર કરવા અને તેમને આશ્રયસ્થાનોમાં લઈ જવા માટે વાહનોની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. આયોજક સમિતિ ભાર મૂકે છે કે જ્યારે પ્રાણી કલ્યાણના ધોરણોનું સંપૂર્ણ પાલન કરવામાં આવી રહ્યું છે, ત્યારે સહભાગીઓની સલામતી, આરોગ્ય અને સુખાકારી સાથે સમાધાન કરી શકાતું નથી.

કેન્યા અને જાપાનના...

મારાગિયા જવાહરલાલ નેહરુ સ્ટેડિયમ ખાતે સ્પર્ધા સંકુલની બહાર તેમના એક ખેલાડી સાથે વાત કરી રહ્યા હતા ત્યારે અચાનક એક કૂતરો આવીને તેમને કરડી ગયો હતો. આયોજકોએ પાછળથી જણાવ્યું હતું કે જાપાનના કોચ મીકો ઓકુમાત્સુને પણ મુખ્ય સ્પર્ધા સ્થળની બાજુમાં આવેલા પ્રેક્ટિસ ટ્રેક પર તેના ખેલાડીઓને તાલીમનું નિરિક્ષણ કરતી હતી ત્યારે એક રખડતો કૂતરો કરડ્યો હતો. કેન્યા સરકારના પ્રતિનિધિ તરીકે ટીમ સાથે રહેલા જોએલ અટુટીએ જણાવ્યું હતું કે અમારા કોચ ડેનિસ કોલ રૂમ પાસે તેમના એક ખેલાડી સાથે વાત કરી રહ્યા હતા ત્યારે અચાનક એક રખડતો કૂતરો આવ્યો અને તેમને કરડ્યો હતો. આ ઘટના સવારે 10 વાગ્યે બની હતી. તેમના પગમાંથી લોહી નીકળતું હતું, અને સ્ટેડિયમની તબીબી ટીમે તેમની સંભાળ રાખી હતી. તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં તેમની સારવાર કરવામાં આવી હતી અને ઇન્જેક્શન આપવામાં આવ્યા હતા. હવે તેઓ કોઈપણ સમસ્યાથી મુક્ત છે. તેઓ કેટલીક દવાઓ પણ લેશે. કોલ રૂમ એ જગ્યા છે જ્યાં રમતવીરો તેમની સ્પર્ધા પહેલા ભેગા થાય છે.

બે વર્ષથી નાના...

હોવો જોઈએ. વધુમાં, લોકોને ડોક્ટરો દ્વારા પ્રિસ્ક્રિપ્શનના પાલન અંગે પણ સભાન બનાવવા જોઈએ, એમ ડીજીએચએસના ડૉ. સુનિતા શર્મા દ્વારા જારી કરાયેલી સલાહમાં જણાવાયું છે. તેમાં બાળકો માટે કફ સિરપ લખવા અને વેચાણની બાબતને વાજબી અને તર્કસંગત બનાવવા કહેવાયું છે બાળકોમાં મોટાભાગની તીવ્ર ઉધરસની બીમારીઓ સેલ્ફ લિમિટિંગ હોય છે અને ઘણીવાર ફાર્માકોલોજીકલ હસ્તક્ષેપ વિના ઉકેલાઈ જાય છે. પર્યાપ્ત હાઈડ્રેશન, આરામ અને સહાયક પગલાં સહિત બિન-ઔષધીય પગલાં પણ પ્રથમ હાથવગા પગલા તરીકે લઈ શકાય એમ તેમાં જણાવાયું છે.

પુટિને મોદીને...

કોઇ દબડાવી શકશે નહીં. ભારત પોતાને કોઇથી ક્યારેય અપમાનિત થવા દેશે નહીં. હું વડાપ્રધાન મોદીને જાણું છું, તેઓ દેશને ઝુક